# ગીર

## એશિયાઇ સિંહોની ગર્જનાથી ગાજતો વન વિસ્તાર

એશિયાઇ સિંહોની હુંક (ગર્જના) જ્યાં કુદરતી અવસ્થામાં ગુંજી રહિ છે અને આ ગર્જનાથી ધ્રુજતી ધરા જેનું આપણે સર્વે ગર્વ કરી રહ્યાં છે તેવો વિસ્તાર એટલે ગીર રાષ્ટ્રીય ઉધાન અને વન્યજીવ અભયારણ્યમાં આપનું સ્વાગત છે. ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલ અર્ધશુષ્ક વિસ્તારોમાંનું ગીર ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્રના અર્ધશુષ્ક વિસ્તારમાં સુકા પાનખર જંગલોનો સૌથી મોટો વિસ્તાર ધરાવે છે. ગીર દેશના સૌથી જૂના રક્ષિત વિસ્તરોમાનું એક છે. જૈવ વિવિધતાથી ભરપૂર આ વિસ્તાર કે જ્યાં વિનાશના આરે આવેલી તથા સંકટગ્રસ્ત પ્રજાતિઓ સહિતની અસંખ્ય પ્રાણીઓની અને વનસ્પતિની પ્રજાતિઓનું આશ્રય સ્થાન છે. ગીર કુદરતી અવસ્થામાં વિહરતા એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસ્થાન માટે વિશ્વમાં પ્રખ્યાત છે.



## ગીરને અદભૂત બનાવતી નદિઓ

ગીરનો વિસ્તાર ઉંચા-નીચા ઢોળાવો વાળો અને પર્વતીય છે જેના છેવાડે દરિયાકાંઠાના મેદાની વિસ્તારો આવેલ છે. ગીરની સમૃધ્ધ જૈવિક વિવિધતાને જાળવવામાં તથા પ્રાકૃતિક સુંદરતા અદભુત બનાવવામાં નદીઓ અગત્યની ભૂમિકા ભજવે છે. ગીરમાં કરોળિયાના જાળા માફક પથરાયેલ નદી-નાળાઓ આ વિસ્તારની પરિસરીય વિવિધતા ઘડવામાં અને અસંખ્ય જૈવિક સ્વરૂપોને આધાર આપવામાં યોગદાન અર્પે છે. હિરણ, સરસ્વતી, ધાતરડી, શિંગોડા, શેત્રુંજી, મચ્છુન્દ્રી, ઘોડાવડી રાવળ, અરડક અને ભૂવાતીર્થ એ ગીરની પ્રમુખ નદીઓ છે. વન્યજીવોનાં અસ્તિત્વ માટે જરૂરી પાણીના સ્ત્રોતો અર્પવા ઉપરાંત આ નદીઓ પરિવર્તનશીલ ભૂ-આકારને ઓપ આપી વૈવિધ્યસભર રહેઠાણો અને વનસ્પતિ સમૂહોને આધાર અર્પે છે. આ જળસ્ત્રોતો ગીરની અનન્ય પ્રાકૃતિક અવસ્થાને સંતુલિત રાખવામાં અગત્યનું યોગદાન આપે છે. તદુપરાંત ગીર અને ગીરની આસ-પાસ વસતા લોકો માટે આ નદીઓ જીવાદોરી બની રહે છે. ગીરની મુલાકાતે આવતા પ્રવાસીઓ અવાર-નવાર આ નદીઓના કાંઠાના વિસ્તારોમાં એકત્રિત થતા વન્યજીવોને નિહાળે છે. જે વન્યજીવોના દર્શન માટે સુંદર સ્થાનો બની રહે છે.



## સંરક્ષણની વિજયગાથા

ગીર એટલે વન્યજીવ સંરક્ષણનું એક ઉત્તમ ઉદાહરણ. વીસમી સદીની શરૂઆતમાં એક સમયે વિલુપ્તિના આરે આવેલ એશિયાઇ સિંહોની વસ્તીમાં વધારો થયો છે. જે ગુજરાત સરકાર, ગુજરાત વન વિભાગનાં અથાગ પ્રયત્નો અને લોકોના સહિયારા પ્રયાસ થકી શક્ય બન્યું છે.

આજે ગીર ભારતનાં સૌથી વધુ આકર્ષિત કરતા વન્યજીવ પ્રવાસન સ્થળ તરીકે પ્રખ્યાત થયેલ છે. જે વર્ષો-વર્ષ અગણિત પ્રકૃતિપ્રેમી પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે. ગીરનાં પર્વતીય ઢોળાવો અને સંતાકુકડી રમતી નદીઓ કલ્પનાતીત અને યાદગાર રમણીય પ્રાકૃતિક દ્રશ્યની રચના કરી પ્રકૃતિની સુંદર રચનાનું ઉદાહરણ બની રહે છે. ગીર માત્ર વન્યજીવો માટેનું સ્વર્ગીય સ્થળ નથી પરંતુ સાથો-સાથ તે ગુજરાતનાં કાઠિયાવાડ વિસ્તારનું સાંસ્કૃતિક અને ધાર્મિક આસ્થાનું કેન્દ્રબિંદુ પણ છે.



## ગીર : વિસ્તાર અને કઈ રીતે પહોંચવું

ગીર વિસ્તાર અંદાજિત ૧૮૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે. જેમાં ગીર રાષ્ટ્રીય ઉધાન ગીર વન્યજીવ અભયારણ્ય, પાણિયા વન્યજીવ અભયારણ્ય, મિતિયાળા વન્યજીવ અભયારણ્ય તથા તેની આસ-પાસ આવેલા અનામત તથા રક્ષિત વન વિસ્તારોનો સમાવેશ થાય છે જે જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં પથરાયેલા છે. એશાયાઈ સિંહોનાં સંરક્ષણના હેતુથી ૧૮ સપ્ટેમ્બર ૧૯૬૫ નાં રોજ ગીર વન્યજીવ અભયારણ્ય જાહેર કરવામાં આવ્યુ હતું.

ગીર રેલ્વે, સડકમાર્ગ અને હવાઈ માર્ગથી સહેલાઈથી પહોંચી શકાય છે. ગીરનાં પ્રવેશદ્વાર તરીકે મુખ્યત્વે સાસણને ગણવામાં આવે છે. જ્યાં પરિસરીય પ્રવાસનની મોટાભાગની સુવિધાઓ છે. સાસણ જૂનાગઢ (૬૦ કિ.મી.), વેરાવળ (૪૫ કિ.મી.) અને રાજકોટ (૧૬૦ કિ.મી) જેવા શહેરો સાથે સડકમાર્ગેથી સારી રીતે જોડાયેલ છે.

**હવાઈ માર્ગ :** કેશોદ (૬૦ કિ.મી) અને દીવ (૧૦૦ કિ.મી.) ના હવાઈ મથક નજીકનાં હવાઈ મથક છે. જ્યારે રાજકોટ (૧૬૦ કિમી.) અને અમદાવાદ (૩૫૫ કિ.મી.) વધુ સુવિધા યુક્ત અને મુખ્ય હવાઈ મથકો છે.

**રેલ્વે :** સાસણ-ગીર ખાતે પશ્ચિમ રેલ્વેનું રેલ્વે સ્ટેશન છે. જે અમદાવાદ અને રાજકોટ સાથે વાયા જૂનાગઢ થઈ જોડાયેલ છે.

**ભૂમિ માર્ગ** : જૂનાગઢ તથા વેરાવળનાં રેલ્વે સ્ટેશન પરથી સાસણ-ગીર આવવા માટે ટેકસી અને બસની સુવિધાઓ સહેલાઈથી પ્રાપ્ય છે. ગુજરાત એસ.ટી. ની તથા ખાનગી બસો પણ સાસણ ગીરથી પસાર થાય છે. વિવિધ રાજ્ય ધોરી માર્ગો મારફત સાસણ-ગીર પહોંચી શકાય.



## આપની આ મુલાકાતને યાદગાર બનાવવા માટે શું કરવું અને શું ન કરવું


### શું કરવું

- √ ગુજરાત વન વિભાગની વેબસાઈટ (*https://girlion.gujarat.gov.in* પરથી જ પ્રવેશ પરવાનગી મેળવવી
- √ આપની અભયારણ્ય મુલાકાતનો જણાવેલ સમયથી ઓછામાં ઓછી પંદર મિનીટ પહેલા સ્વાગતી કેન્દ્ર પર પહોંચો
- √ યોગ્ય સત્તાધિકારી દ્વારા અપાયેલ માન્ય ઓળખપત્રો સાથે રાખો
- √ વન્યજીવોથી સલામત અંતર જાળવો
- √ વનમાં ભળી જાય તેવા વસ્ત્રો પહેરો ભડકીલા રંગનાં વસ્ત્રો ન પહેરો
- √ વન વિસ્તારમાં વાહન ધીરેથી સંભાળપૂર્વક ચલાવો અને વન્યજીવોને પસાર થવાનો માર્ગ આપો
- √ જણાવાયેલ નિયત રૂટ તથા સમયમર્યાદાનું પાલન કરો
- √ વન્યજીવોને ખલેલ ન થાય તે પ્રકારે આપની યાદગાર ક્ષણોને કેમેરામાં કંડારો
- √ ધાર્મિક સ્થળો તથા સ્થાનિક રિવાજોની પવિત્રતા જાળવો
- √ રક્ષિત વિસ્તારોના કાયદા, નિયમો તથા નિયમનોનું પાલન કરો
- √ સિંહ કે દીપડા જેવા મોટા પ્રાણીઓ જોવા ન મળે તો પણ વનોના સૌંદર્ય અને વિવિધ વન્યજીવસૃષ્ટિને માણવાનો રોમાંચ અનુભવો

### શું ન કરવું

- X કચરો ન ફેકો
- X પક્ષીઓ તથા વન્યપ્રાણીઓને ખોરાક ખવડાવો નહિ
- X પાલતુ પ્રાણીઓ સાથે લઈ જવા પર પ્રતિબંધ છે તો સાથે લઈ જવા નહિ
- X હોર્ન ના વગાડો
- X કોઈપણ જીવજંતુ પ્રાણી, પ્રાણીઓના અવશેષો કે વનસ્પતિને યાદગીરી રૂપે સાથે લઈ જવા નહિ
- X નિયત વિસ્તારમાં જ રહો. પ્રવેશ નિષેધ વિસ્તારમાં પ્રવેશ કરવો નહિ
- X વાહનમાંથી નીચે ઉતરવું નહિ
- X વન્યજીવો ઉશ્કેરાઈ કે તેમને ખલેલ પહોચે તેવું વર્તન કરવું નહિ
- X વાજીત્રો કે સંગીત ન વગાડો. શાંતિ જાળવો અને પ્રકૃતિના નાદને માણો
- X મંદિરાપાન અને ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ છે
- X રક્ષિત વિસ્તારમાં હથિયાર કે દારૂગોળા સાથે લઈ જવા પર પ્રતિબંધ છે
- X ખોરાક કે પ્લાસ્ટિકની વસ્તુઓ સાથે ન લઈ જાવ. રક્ષિત વિસ્તારમાં આવી ચીજો લઈ જવા પર પ્રતિબંધ છે

## Gir Map







**પ્રવાસન સંપર્ક:**

પરિક્ષેત્ર વન અધિકારીની કચેરી, સ્વાગતિ રેન્જ, સિંહ સદન, સાસણ ગીર, તા. મેંદરડા, જિ. જૂનાગઢ ગુજરાત-૩૬૨૧૩૫

૦૨૮૭૭-૨૮૫૬૨૧

gslcsgir@yahoo.com

**કચેરી સંપર્ક:**

નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર, તા મેંદરડા, જિ. જૂનાગઢ, ગુજરાત-૩૬૨૧૩૫

૦૨૮૭૭-૨૮૫૫૪૧

dcfwildlife@gmail.com

## પરિસરીય પ્રવાસન

વનો અને વન્યજીવોના સંરક્ષણની ચેતના પ્રગટાવવામાં પરિસરીય પ્રવાસન કેન્દ્રસ્થાને છે. જે સાથો-સાથ સ્થાનિક લોકોને રોજગારીની તકો પુરી પાડી તેઓની આર્થિક સધ્ધરતામાં વધારો કરે છે. ભારતમાં ગીર પરિસરીય પ્રવાસનના સ્થળો પૈકી જુનામાં જુનું છે. જે ગીર જંગલ સફારી, ગીર પરિચય ખંડ (દેવળીયા) અને આંબરડી ઈન્ટરપ્રીટીશન ઝોન (ધારી) એમ ત્રણ પ્રકારનાં આકર્ષણો ધરાવે છે. અસંખ્ય પ્રવાસીઓ દર વર્ષે આ સ્થળોની મુલાકાત લે છે. પરિસરીય પ્રવાસનની મોટાભાગની સવલતો સાસણ ખાતે કેન્દ્રીત થયેલ છે. જ્યાં બુકિંગ કેન્દ્ર, સોવેનીયર શોપ, અભિરૂચિ કેન્દ્ર (ઓરીએન્ટેશન સેન્ટર), સિંહ સદન ગેસ્ટ હાઉસ સહિતની ઘણી સવલતો આવેલી છે.

## ગીર જંગલ સફારી

ગીર જંગલ સફારીનું સંચાલન સાસણ ખાતેના સિંહ સદન ખાતે આવેલ સ્વાગતિ કેન્દ્રથી કરવામાં આવે છે. જે મુલાકાતીઓને ગીરની મનમોહક વન્યજીવસૃષ્ટિનાં ઊંડાણમાં ડૂબવાની તક પુરી પાડે છે. વિવિધ વન વિસ્તારમાંથી પસાર થતા ૧૩ અલગ અલગ પ્રવાસન માર્ગો આવેલા છે. માર્ગદર્શકો દ્વારા સફારીમાં માહિતી સભર સમજુતી આપવામાં આવે છે. પ્રવાસીઓએ અધિકૃત વેબસાઇટ પરથી જ પ્રવેશ પરવાનગી (સફારી પરમીટ) મેળવવી જરૂરી છે. આ પ્રવેશ પરવાનગી (પરમીટ) નું આરક્ષણ ત્રણ માસ અગાઉથી શરૂ થાય છે અને નિયત મુલાકાતનાં બે કલાક અગાઉ બંધ કરવામાં આવે છે.

ગીર જંગલ સફારી દર વર્ષે ૧૬ જુનથી ૧૫ ઑક્ટોબર દરમ્યાન બંધ રહે છે. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે. કૃપા કરીને સફારી બુકિંગ માટે તેમજ પરમિટ શુલ્ક માટે કયું. આર. કોડ સ્કેન કરો અથવા https://girlion.gujarat.gov.in મુલાકાત લો

## મુલાકાતનો સમય

**શિયાળો** — ૧૬ ઑક્ટોબરથી ૨૮/ ૨૯ ફેબ્રુઆરી, સોમવાર થી રવિવાર (દરરોજ)

1. ૦૬:30 થી ૦૯:30
2. ૦૯:30 થી ૧૨:30
3. ૧૫:00 થી ૧૮:00

**ઉનાળો** — ૧ માર્ચથી ૧૫ જુન, સોમવાર થી રવિવાર (દરરોજ )

1. ૦૬:00 થી ૦૯:00
2. ૦૯:00 થી ૧૨:00
3. ૧૬:00 થી ૧૯:00

ગીર જંગલ સફારી દર વર્ષે ૧૬ જુનથી ૧૫ ઑક્ટોબર દરમ્યાન બંધ રહે છે. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

## ગીરની જૈવિક વિવિધતા

સૌરાષ્ટ્રનું ગીર તેના વન્યપ્રાણીઓ તથા વનસ્પતિ સૃષ્ટિની વિવિધતા સભર સમૃદ્ધિ માટે પ્રખ્યાત છે. તેમાં એશિયાઇ સિંહોની પ્રેરણાદાયી હાજરીથી તે તેના એકમાત્ર અને છેલ્લા કુદરતી નિવાસસ્થાન માટે વિશ્વ પ્રસિધ્ધ છે. અહીંના વન વિસ્તારમાં દિગ્મૂઢ કરી દેતી સસ્તન પ્રાણીઓની ૪૧ પ્રજાતિઓ, સરિસૃપોની ૪૭ પ્રજાતિઓ, પક્ષીઓની 33૮ પ્રજાતિઓ, ઉભયજીવીઓ અને કીટકો અસંખ્ય પ્રજાતિઓ દ્રશ્યમાન થાય છે

**વનસ્પતિ સૃષ્ટિ:** ગીરમાં વનસ્પતિઓની નોંધપાત્ર વિવિધતા છે. જેમાં વૃક્ષો, ક્ષુપ, છોડવાઓ, ઘાંસ અને વેલાઓની મળી ૬૩૧ પ્રજાતિઓ નોંધાયેલ છે. પાનખર પ્રકારનું જંગલ તેમજ છુટાછવાયા વૃક્ષો વાળા ઘાંસિયા મેદાનો (સવાના) ની વનસ્પતિ સૃષ્ટિ વસેલી છે. સાગ અને ધાવડા જેવી પ્રજાતિઓનું વિવિધ વિસ્તારમાં પ્રાધાન્ય જોવા મળે છે. વિવિધ ઋતુઓમાં જંગલી પુષ્પોનાં રંગો પ્રાકૃતિક સૌંદર્યસભર રોનકમાં અનેરો વધારો કરે છે.

**પક્ષીઓ:** પક્ષીપ્રેમીઓ માટે ગીર સ્વર્ગ સમાન છે. ગીરને અગત્યના પક્ષી વિસ્તાર (IBA-IN-GJ-05) તરીકે પણ ઘોષિત કરાયેલ છે. માખીમાર, નવરંગ, નાચણ, બટાવડા, પતરંગા, લટોરા, સુડા, ઘુવડ, ગરૂડ, ગીધ, ચાતક વગેરે સહિતની નિવાસી અને યાયાવર પક્ષીઓની વિવિધ પ્રજાતિઓનું આશ્રય સ્થાન ગીર છે.

**સરિસૃપો:** ગીર તેમા રહેલ મગરની વસ્તી માટે ખ્યાતનામ છે. મગર ગીરનાં વિવિધ જળાશયો તથા નદી- નાળાઓમાં જોવા મળે છે. અજગર અને નાગ સહિતની સર્પની પ્રજાતિઓ તેમજ સુરજ કાચબા, મીઠાપાણીના કાચબા અને ઘો સરિસૃપોની વિવિધતામાં વધારો કરે છે.

**સસ્તન પ્રાણીઓ:** એશિયાઈ સિંહ, દીપડા, ચિતલ, નીલગાય, સાંબર, ચોશિંગા, ચિંકારા સહિતનાં વિવિધ સસ્તન પ્રાણીઓ વસવાટ કરે છે. વાનર વર્ગની માત્ર એક પ્રજાતિ હનુમાન વાનર ગીરમાં મળે છે. જ્યારે જંગલી બિલાડી, શાહુડી, ઘોરખોદીયુ, કાટવર્ણી ટપકાવાળી બિલાડી, જંગલી સુવર જેવા અન્ય સસ્તન પ્રાણીઓનું પણ ગીર રહેઠાણ છે.




જ્યાં વન્યજીવો મુક્તપણે વિહરી રહ્યાં છે અને વન્યપ્રાણીઓ રાજ કરી રહ્યાં છે. પ્રકૃતિની અતીસુંદર અજાયબીઓ, આપણા બધાનું ગૌરવ અને જંગલના રાજાની ડણક આપની ગીરની મુલાકાતની રાહ જોઈ રહિ છે. પ્રકૃતિની અદભૂત સુંદરતા અને વન્યપ્રાણીઓને જોવા, જાણવા અને સમજવા ગીરના જંગલની મુલાકાત લેવા માટે તૈયારી કરો.

સંરક્ષણનાં ભગીરથ કાર્યમાં સહભાગી બનો અને એશિયાઈ સિંહોને તેઓની પ્રાકૃતિક અવસ્થામાં વિહરતા જોઈ અદભૂત રોમાંચનો અનુભવો કરો.

# ગીર

## રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભ્યારણ્ય